પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૮૧ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૭-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## શિવસેનાએ અચાનક યુટર્ન લીધો ?

# જો તેઓ પાછા ફરવા માંગતા હોય તો પાર્ટી છોડનારા 'દગાબાજો'નું સ્વાગત કરવામાં આવશેઃ આદિત્ય ઠાકરે

### શિવસેનાના ઉધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ જે લોકો હજુ પણ ઉદ્ધવ ઠાકરે સાથે છે તેમની તરફ પહોંચ વધારવા માટે નિષ્ઠા યાત્રા શરૂ કરી છે.



મુંબઈ,

શિવસેનામાં બળવો પોકારનારા નેતાઓ વિરુદ્ધ હવે ઉદ્ધવ ઠાકરે જૂથ ઢીલું પડતું જોવા મળી રહ્યું છે. શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ કહ્યું કે જો તેઓ પાછા ફરવા માંગતા હોય તો પાર્ટી છોડનારા 'દગાબાજો'નું સ્વાગત કરવામાં આવશે. એકનાથ શિંદેના ગૃહ જિલ્લા થાણાના ભિવંડી શહેરમાં એક જનસભાને સંબોધતા પૂર્વ મંત્રીએ કહ્યું કે દગાબાજ જો શિવસેનામાં પાછા ફરવા માંગતા હોય, તો તેમનું સ્વાગત થશે. પરંતુ અમને તેમના કામથી ખુબ દુખ પહોંચ્યું છે. અમે તેમના પર ભરોસો કર્યો અને તેમને ગળે લગાવ્યા અને તેમણે અમારી પીઠમાં ખંજર ભોંક્યું.

શિવસેનાના ઉધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ જે લોકો હજુ પણ ઉદ્ધવ ઠાકરે સાથે છે તેમની તરફ પહોંચ વધારવા માટે નિષ્ઠા યાત્રા શરૂ કરી છે. તેમણે ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું કે તેમના પિતાના નેતૃત્વવાળી મહાવિકાસ આઘાડી સરકારે ક્યારેય પોતાના જ ધારાસભ્યો, સાંસદો અને નેતાઓની જાસૂસી કરી નથી. તેમણે કહ્યું કે મારા પિતા અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અસ્વસ્થ હતા. તેઓ સાજા થઈ રહ્યા હતા ત્યારે જ તેમને દગો કરાયો. આદિત્યએ કહ્યું કે મારા પિતા ખરાબ સ્વાસ્થ્યના કારણે ઘરેથી જ કામ કરી રહ્યા હતા. જ્યારે શિવસેનાના અન્ય મંત્રીઓ પોતાની ઓફિસ જતા હતા. પરંતુ જ્યારે ઉદ્ધવ ઠાકરે પોતાની ઓફિસ જવા લાગ્યા તો તેમણે મહેસૂસ કર્યું કે મંત્રી તેમની હાજરીના કારણે અસહજ થઈ રહ્યા છે. તેમનું વર્તન ઉદ્ધવ ઠાકરે પ્રત્યે બદલાઈ ગયું છે. આદિત્ય ઠાકરેએ નાસિકના સાંસદ હેમત ગોડસે પર બળવાખોર ધારાસભ્યોનું સમર્થન કરવાનો આરોપ લગાવ્યો. ઠાકરેએ કહ્યું કે અમે ગોડસે માટે ગત સામાન્ય ચૂંટણીમાં ખુબ કેમ્પેઈન કર્યું અને જીત માટે લગભગ દરેક પ્રકારની મદદ કરી. પરંતુ આમ છતાં તેમણે કોઈ પણ કારણવગર અમને દગો કર્યો. આદિત્યના કટાક્ષ અંગે જ્યારે મુખ્યમંત્રી એકનાથ શિંદેને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે તેમને જે પણ બોલવું હોય, તે બોલવા દો. અમે અમારા કામથી તેમની ટીકાનો જવાબ આપી રહ્યા છીએ. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના લોકોએ અમારા રાજકીય વલણની પુષ્ટિ કરી છે. કારણ કે અમે વધુમાં વધુ સમર્થન મેળવી રહ્યા છીએ.

## છત્તીસગઢમાં સૌથી વધુ ગરીબીયુપી,બિહાર,ઝારખંડ અને મધ્યપ્રદેશમાં ૧૦માંથી દરેક ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે લોકસભામાં જે આંકડા રજુ કર્યા છે તે અનુસાર દેશમાં ૨૭ કરોડ લોકો ગરીબી રેખાની નીચે આવે છે.ગ્રામીણ વિસ્તારમાં રહેનાર વ્યક્તિ રોજ ૨૬ અને શહેરમાં રહેનાર વ્યક્તિ ૩૨ રૂપિયા પણ ખર્ચ કરી શકતા નથી તો તે ગરીબી રેખાની નીચે માનવામાં આવશે.જયારે રાજયોની વાત કરીએ તો છત્તીસગઢ સૌથી વધુ ગરીબ છે.જયારે યુપી બિહાર ઝારખંડ અને મધ્યપ્રદેશમાં ૧૦માંથી દરેક ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે છે.આંકડા અનુસાર ગરીબી રેખાથી નીચે જીવન પસાર કરનારા સૌથી વધુ છત્તીસગઢના છે આ રાજયની ૪૦ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે જીવી રહ્યાં છે.ઝારખંડ,મણિપુર અરૂણાચલ બિહાર ઓરિસ્સા આસામ મધ્યપ્રદેસ અને ઉત્તરપ્રદેશ એવા રાજય છે જયાંની ૩૦ ટકા અથવા તેનાથી વધુ વસ્તી ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યાં છે એટલે કે આ રાજયોમાં દરેક ૧૦માંથી ત્રીજો વ્યક્તિ ગરીબી રેખાની નીચે આવે છે.લોકસભામાં ગરીબી રેખાથી જોડાયેલ સવાલ પર ગ્રામીણ વિકાસ મંત્રાલયે માહિતી આપતા કહ્યું કે દેશની ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાથી નીચે છે.આ આંકડો ૨૦૧૧-૧૨નો છે આવું એટલા માટે કારણ કે ત્યારબાદથી ગરીબી રેખાની નીચે જીવન પસાર કરનારા લોકોનો હિસાબ લગાવવામાં આવ્યો નથી

સરકારની ગરીબી રેખાની પરિભાષા અનુસાર ગામમાં જો કોઇ દર મહીને ૮૧૬ રૂપિયા અને શહેરમાં ૧૦૦૦ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે તો આવી સ્થિતિમાં તે વ્યક્તિ ગરીબી રેખાની નીચે આવતો નથી.દેશમાં હાલ ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે છે.એટલે કે ૧૦૦માંથી ૨૨ લોકો એવા પણ છે જે મહીનાના હજાર રૂપિયા પણ ખર્ચ કરી શકતા નથીદેશ જયારે આઝાદ થયો હતો ત્યારે દેશની લગભગ ૮૦ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે આવતી હતી.આઝાદીના ૭૫ વર્ષ બાદ ગરીબી રેખાની નીચે જીવન પસાર કરનારા લોકોની વસ્તી ઘટી ૨૨ ટકા પર આવી ગઇ છે જો તેને સંખ્યામાં જોવામાં આવે તો કોઇ ખાસ અંતર આવ્યું નથી દેશની આઝાદીના સમયે ૨૫ કરોડ વસ્તી ગરીબી રેખાની નીચે હતી હવે ૨૬.૯ કરોડ વસ્તી ગરીબી રેખાની નીચે છે.

## ૧૩-૧૫ ઓગસ્ટ સુધી ઘરોમાં તિરંગો ફરકાવો : મોદીએ લોકોને અપીલ કરી

નવીદિલ્હી,

ભારત ૧૫ ઓગસ્ટે તેનો સ્વતંત્રતા દિવસ ઉજવે છે. દર વર્ષે તે ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે લોકો પોતાના ઘરે ત્રિરંગો ફરકાવે છે અને સ્વતંત્રતાની ઉજવણી કરે છે. પરંતુ આ વખતે દેશભરના તમામ ઘરોમાં ત્રિરંગો લહેરાવતો જોવા મળશે. વાસ્તવમાં, પીએમ મોદીએ લોકોને ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટની વચ્ચે પોતપોતાના ઘરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને 'હર ઘર ત્રિરંગા' અભિયાનને મજબૂત બનાવવાની અપીલ કરી છે.

વડાપ્રધાન મોદીએ ટ્વીટ કર્યું કે, આ અભિયાન ત્રિરંગા સાથે અમારું જોડાણ વધુ ગાઢ બનાવશે. તેમણે એમ પણ જણાવ્યું કે ૨૨ જુલાઈ ૧૯૪૭ના રોજ ત્રિરંગાને રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, ''આજે આપણે એ તમામ લોકોના સાહસ અને પ્રયત્નોને યાદ કરીએ છીએ જેમણે સ્વતંત્ર ભારત માટે ધ્વજનું સ્વપ્ન જોયું હતું જ્યારે આપણે સંસ્થાનવાદી શાસન સામે લડી રહ્યા હતા. અમે તેમના સપના સાકાર કરવા અને તેમના સપનાના ભારતનું નિર્માણ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ.''

તેમણે વધુમાં કહ્યું, ''આ વર્ષે, જેમ આપણે 'આઝાદી કા અમૃત' તહેવાર ઉજવીએ છીએ, ચાલો આપણે 'હર ઘર તિરંગા' ચળવળને મજબૂત કરીએ. ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી તમારા ઘરોમાં ત્રિરંગો ફરકાવો. આ અભિયાન રાષ્ટ્રધ્વજ સાથે અમારું જોડાણ વધુ ગાઢ બનાવશે. તેમણે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા લહેરાવવામાં આવેલા પ્રથમ ત્રિરંગાની તસવીર પણ ટ્વીટ કરી હતી.સરકારે ભારતની આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરવાની યોજના બનાવી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ અંતર્ગત લગભગ ૨૦ કરોડ ઘરોમાં તિરંગો ફરકાવવામાં આવશે. ટ્વિટર પર આ અંગે માહિતી આપતાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ''આ અભિયાન સાથે દેશભરના લગભગ ૨૦ કરોડ ઘરો પર ત્રિરંગો લહેરાવવામાં આવશે, જે દરેક નાગરિકના મનમાં દેશભક્તિની અખંડ જ્યોતને વધુ પ્રજવલિત કરવાનું કામ કરશે.

## ૨૦૩૦ સુધીમાં મુસ્લિમોની વસતિ વધીને ૨૪-કરોડ થવાનો અંદાજ

નવીદિલ્હી,

વર્ષ ૨૦૨૩ સુધીમાં ભારત વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બની જશે, એમ યુનાઈટેડ નેશન્સે એક રિપોર્ટમાં જણાવ્યું હતું. ँના ઝસ યોગી આદિત્યનાથે અધિકારીઓને જણાવ્યું હતું કે જનસંખ્યાને નિયંત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવે, જેથી એવું ના થાય કે કોઈ પણ ધર્મની વધતી વસતિથી સમાજમાં અસંતુલનની સ્થિતિ પેદા થાય.

વર્લ્ડ પોપ્યુલેશન ડેના અવસરે સંયુક્ત રાષ્ટ્રે જણાવ્યું હતું કે ચીનની વસતિ ૧૪૨.૬ કરોડ છે, જ્યારે ભારતની વસતિ ૧૪૧.૨ કરોડ છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો. ૨૦૨૩ સુધીમાં ભારત વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બની જશે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં મુસ્લિમોની વસતિ વધીને ૨૩.૬૩ કરોડ થઈ જશે. આ આઠ વર્ષોમાં મુસ્લિમોની વસતિનો ગ્રોથ ૧૦ ટકા રહેશે. હાલના સમયે દેશની વસતિ ૧૫૦ કરોડ સુધી થવાનો અંદાજ છે.

રિપોર્ટ મુજબ ૧૯૪૮માં દેશની વસતિ ૩૫.૮ કરોડ હતી, જે ૨૦૨૦માં વધીને આશરે ૧૩૮ કરોડ થઈ ગઈ છે. આમ ૭૨ વર્ષમાં દેશની વસતિ ૧૦૩ કરોડ વધી છે.

૨૦૦૧માં હિન્દુઓની વસતિ ૮૨.૭૫ કરોડ અને મુસ્લિમોની વસતિ ૧૩.૮ કરોડ હતી. જે ૧૦ વર્ષ પછી હિન્દુઓની વસતિ વધીને ૯૬.૬૩ કરોડ થઈ હતી અને મુસ્લિમોની વસતિ ૧૭.૨૨ કરોડ થઈ હતી. આમ મુસ્લિમોની વસતિ ૨૪.૭૮ ટકાએ અને હિન્દુઓની વસતિ ૧૬.૭૭ ટકાના દરે વધી હતી.

જોકે ઝડપથી વધતી વસતિ ધર્મથી જોડાયેલી નથી, પણ સામાજિક અને આર્થિક પછાતપણ સાથે સંબંધ છે. પ્રજનન દરનો સીધો સંબંધ ધર્મથી નહીં, પણ શિક્ષણ, સામાજિક-આર્થિક સ્થિતિ અને આરોગ્યની સુવિધાથી જોડાયેલો છે.

## ભારતીય રૂપિયો બીજા દેશોની કરન્સી કરતાં તો સારી સ્થિતિમાંઃ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ

મુંબઈ,

બીઓબી વાર્ષિક બેંકિંગ કોન્ફરન્સને સંબોધતા, આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે ગંભીર વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે ભારતીય અર્થતંત્ર પ્રમાણમાં વધુ સારી સ્થિતિમાં છે. શક્તિકાંત દાસે કહ્યું કે ભારતીય રૂપિયો અન્ય દેશોની કરન્સી કરતા સારી સ્થિતિમાં છે. રૂપિયામાં તીવ્ર વધઘટ અને અસ્થિરતાને મંજૂરી આપવામાં આવશે નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બજારમાં યુએસ ડૉલરનો પુરવઠો પૂરો પાડે છે જેથી રોકડનો પૂરતો પુરવઠો (તરલતા) સુનિશ્ચિત થાય છે.આરબીઆઈના પગલાથી રૂપિયાના સરળ ટ્રેડિંગમાં મદદ મળી છે. આ સિવાય શક્તિકાંત દાસે કહ્યું કે અસુરક્ષિત વિદેશી હૂંડિયામણના વ્યવહારો વિશે ગભરાવાની જગ્યાએ તેને હકીકતથી જોવાની જરૂર છે.

આરબીઆઈના ગવર્નર પણ માને છે કે ૨૦૧૬ માં અપનાવવામાં આવેલ ફુગાવાના લક્ષ્યાંક માટેનું વર્તમાન માળખું ખૂબ જ સારી રીતે કામ કર્યું છે અને ફુગાવાનું સ્તર આરબીઆઈના લક્ષ્યાંકના પ્રમાણમાં જોવામાં આવ્યું છે. આરબીઆઈના ગવર્નરે રેપો રેટને લઈને એક સવાલના જવાબમાં કહ્યું કે, આરબીઆઈ લિક્વિડિટી અને દરો વધારવા અંગે નિર્ણય લેતી વખતે હંમેશા વૃદ્ધિના લક્ષ્યને ધ્યાનમાં રાખે છે અને તે મુજબ આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટી તેના પગલાં લે છે.

## જાહેર સ્થળો પર સિગારેટના વેચાણ પર રોક લગાવવાની અરજી સુપ્રીમ કોર્ટે રદ કરી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં ધૂમ્રપાન માટે ઉંમર વધારવા અને ધાર્મિક સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોની આસપાસ છૂટક સિગારેટના વેચાણ પર પ્રતિબંધની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. આજે સુપ્રીમ કોર્ટે આ અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે પોતાની ટિપ્પણીમાં કહ્યું કે આ અરજી માત્ર પ્રચાર માટે દાખલ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે અરજદારને સારો કેસ લાવવા અને સારી દલીલ કરવા કહ્યુંપ આ પ્રકારની પ્રચાર હિતની અરજી દાખલ કરશો નહીં. ઉલ્લેખનીય છે કે, જનતાની સમસ્યાઓને લગતા મુદ્દા ઉઠાવવા માટે કોર્ટમાં પરવાનગી હોય છે, જેને જાહેર હિતની અરજી કહેવામાં આવે છે.

જો કે, અરજીમાં ધૂમ્રપાન માટે લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષથી વધારીને ૨૧ વર્ષ કરવાની માંગ કરવામાં આવી હતી. આ અરજી બે વકીલ શુભમ અવસ્થી અને સપ્તર્ષિ મિશ્રાએ દાખલ કરી હતી.


## મોદી અને પાકિસ્તાની વડાપ્રધાન વચ્ચે ૬ વર્ષ બાદ મુલાકાત થઈ શકે છે

ઈસ્લામાબાદ,

શંઘાઈ સહયોગી સંગઠન (એસીઓ)ના મહાસચિવ ઝાંગ મિંગ ત્રણ દિવસ પાકિસ્તાની મુલાકાતે છે. એ દરમ્યાન તેઓ ૧૫-૧૬ સપ્ટેમ્બરના રોજ ઉબ્જેકિસ્તાનના સમરકંદમાં યોજાનાર એસીઓના વાર્ષિક શિખર સંમેલન માટે પાકિસ્તાનના ँસ્શહબાઝ શરીફને આમંત્રિત કરશે એવું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ સંમેલનમાં ખુદ વડાપ્રધાન મોદી પણ ભાગ લેવાના છે. ત્યારે એવું માનવામાં આવી રહ્યું છે કે, આ સંમેલનમાં પાકિસ્તાન અને ભારતના વડાપ્રધાન મુલાકાત કરી શકે છે.એવું કહેવાઈ રહ્યું છે કે, ૬ વર્ષમાં આવું પ્રથમ વાર થશે કે જ્યારે બંને વડાપ્રધાન એકસાથે જોવા મળશે અને એકબીજાની મુલાકાત કરશે. ઉચ્ચ સ્થાનીય રાજદ્વારી સૂત્રોના જણાવ્યાં અનુસાર, એવું કહેવાય છે કે શહબાઝ અને મોદી વચ્ચેની મુલાકાતની શક્યતાને નકારી ના શકાય કારણ કે બંને બે દિવસ માટે એક જ પરિસરમાં રહેશે.

સૂત્રોના જણાવ્યાં અનુસાર, "બંનેની હજુ સુધી કોઈ જ બેઠક નથી થઈ, કારણ કે ભારત તરફથી હજુ સુધી આ મામલે કોઈ પણ પ્રકારની રજૂઆત નથી થઈ. જો ભારત આવી કોઈ રજૂઆત કરે છે તો તેની પર પાકિસ્તાનની પ્રતિક્રિયા સકારાત્મક હશે." ચીન, પાકિસ્તાન, રશિયા, ભારત, તજાકિસ્તાન, ઉબ્જેકિસ્તાન, કિર્ગિસ્તાન અને કઝાકિસ્તાન આ ગ્રુપના સંપૂર્ણ સભ્યો છે. ગ્રુપના નવા અધ્યક્ષે પોતાની પ્રાથમિકતાઓ અને કાર્યોના વિશે પહેલેથી જ જણાવી દીધું છે. જેમાં સંગઠનની ક્ષમતા અને અધિકાર વધારવા, ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા, ગરીબી ઓછી કરવા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસ સામેલ છે.

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન કોવિડ પોઝિટિવ આવ્યા



વોશિંગ્ટન,

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન કોવિડ પોઝિટિવ આવ્યા છે.વ્હાઈટ હાઉસેઆ માહિતી આપી હતી વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરીન જીન-પિયરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમને બે વાર સંપૂર્ણ રસી આપવામાં આવી છે. જો કે તેઓ હળવા લક્ષણો અનુભવી રહ્યા છે અને આઈસોલેટ થયા છે. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે બિડેને પેક્સકલોવિડ લેવાનું શરૂ કર્યું છે.સીડીસી માર્ગદર્શિકા અનુસાર, તે વ્હાઈટ હાઉસમાં આઈસોલેટ રહેશે જોકે તે સમય દરમિયાન તેઓ તમામ ફરજો સંપૂર્ણ રીતે નિભાવવાનું ચાલુ રાખશે. અને ફોન દ્વારા વ્હાઈટ હાઉસના સ્ટાફ સાથે સંપર્કમાં રહેશે. એવું કહેવાય છે કે તેમની આયોજિત બેઠકો વ્હાઈટ હાઉસ ખાતેના નિવાસસ્થાનેથી થઈ હતી.નોંધનીય છે કે વ્હાઈટ હાઉસ મેડિકલ યુનિટ દિવસ દરમિયાન રાષ્ટ્રપતિના તમામ નજીકના સંપર્કોને સૂચિત કરશે, જેમાં કોંગ્રેસના કોઈપણ સભ્યો અને પ્રેસના કોઈપણ સભ્યો કે જેમણે ગઈકાલની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિની કોવિડ માટે છેલ્લો ટેસ્ટ મંગળવારે કરવામાં આવ્યો હતો અને તે પોઝીટીવ આવ્યો હતો.


### ઓન-લાઈન ટેંડરીગ
### હાલોલ નગર પાલિકા જી.પંચમહાલ
### જાહેર નિવિદા સને : ૨૦૨૨-૨૩

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, હાલોલ-૩૮૯૩૫૦ જી. પંચમહાલ ફોન નં. ૦૬૭૬-૨૨૧૯૭૨ દ્વારા (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૧-૨૨ ના કુલ-૩ કામોની અંદાજિત રકમ ૧૫.૩૯ લાખ (૨) સ્વણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૧-૨ ના કુલ ૭ કામોની અંદાજિત રકમ ૭૧.૫૯ લાખ (૩) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૧-૨૨ ના કુલ ૯ કામોની અંદાજિત રકમ ૩.૧૯ લાખ (૪) ૧૫% વિવેકાધીન ગ્રાંટ ૨૦૨૨-૨૩ ના કુલ ૪ કામની અંદાજિત રકમ ૧૪.૬૦ લાખ ના જુદા જુદા ૪ ટેન્ડર ના કામો જેવા કે સ્ટ્રીટ લાઇટપોલ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોટેક્શન વોલ, સી.સી. રોડ, નાળુ બનાવવાનું કામના કુલ ૨૩ કામો માટે અલગ અલગ ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઓનલાઇન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્યપધ્ધતિ સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવે છે. જે રસ ધરાવતા ઈજારદારો/ ઉત્પાદનકર્તાએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા વેબસાઇટ https: nonpaliking.com માં જોઈ શકાશે. નિવિદામાં જણાવેલ કોઈપણ ટેન્ડર અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નગરપાલિકાનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વેબસાઇટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા/ વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

* ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખઃ ૨૫/૦૭/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાક થી ૦૨/૦૮/૨૦૨૨ સાંજ ૧૮.૦૦ કલાક સુધી
* ટેન્ડર ફી, ઈ.એમ.ડી. વિગેરે ઓરિજિનલ ડોક્યુમેન્ટનું ફીઝીકલ સબમિશનની આખરી તા.૦૪/૦૮/૨૦૨ સાંજ ૧૮.૦૦ કલાક સુધી સાજે

(નોંધ- માત્ર આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી હાલોલ નગર પાલિકાને મોકલેલ ટેન્ડર માન્ય રાખવામાં આવશે.)

* ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૦૫/૦૮/૨૦૨ ઓફિસ સમય દરમિયાન.

| | | |
|---|---|---|
| ટી.એમ.બારીયા | પ્રમોદસિંહ રાઠોડ | શિતલભાઈ પટેલ |
| મુખ્ય અધિકારી | કારોબારી ચેરમેન | પ્રમુખ |
| હાલોલ નગર પાલિકા | હાલોલ નગર પાલિકા | હાલોલ નગર પાલિકા |

(માહિતી/ ગોધરા / ૩૫૫/૨૨)



### શહેરા નગર પાલિકા - જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૪, વર્ષ ૨૦૨૨૨૩

(૧)૧૫ મું નાણાપંચ યોજના (ટાઈડ ગ્રાંટ) વર્ષ ૨૦૨૧-૨૨ ની ગ્રાન્ટ માંથી શહેરા નગર પાલિકાના પરા વિસ્તારમાં હેન્ડપંપ બેસાડવાના કામ માટે રૂ.૭૦,૭૮,૫૮૭.૦૦ તથા (૨) ૧૫ મુ નાણાપંચ યોજના વર્ષ ૨૦૨૧-૨૨ અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૮૮ વર્ષ ૨૦૨૨-૨૩ ની ગ્રાન્ટ માંથી સી.સી. રસ્તા તથા બોકસ કન્વર્ટ તથા કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામો માટે રૂા.૧,૧૯,૪૪,૬૪૪.૦૦ તથા (૩) શહેરા નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ માટે તાંત્રિક તજજ્ઞો (કન્સલટન્ટ એજન્સી) માટે તથા (૪) ૧૫% વિવેકાધિન જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૩ ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં સી.સી.રસ્તાના તથા ગટરના કામો માટે રૂા.૭,૮૪,૩૧૪.૦૦ છે (બીજો પ્રયત્ન) તથા (૫) રસ્તા રીસર્ફેસીંગની કામગીરી માટે (બીજો પ્રયત્ન) તથા (૬) સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ પટીયા-૧ આંગણવાડીના કામ માટે રૂા.૭,૮૭,૦૦૬.૦૦ (ત્રીજો પ્રયત્ન) તથા (૭) સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી સોલાર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના કામે રૂા.૨૩,૨૧,૨૮૦.૦૦ (બીજો પ્રયત્ન)

ઉપરોકત કામોએ સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર તા.૦૧/૦૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૦૪/૦૮/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

શહેરા નગર પાલિકા/-

| | | |
|---|---|---|
| ચીફ ઓફિસર | કારોબારી અધ્યક્ષ | પ્રમુખ |
| શહેરા નગર પાલિકા | શહેરા નગર પાલિકા | શહેરા નગર પાલિકા |

માહિતી / ગોધરા / ૩૫૬/૨૨

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ અંતર્ગત મહીસાગર જીલ્લાની ૩૬ શાળાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા



મહીસાગર

માનવ સંશાધન વિકાસ મંત્રાલય તથા સમગ્ર શિક્ષા મહીસાગર દ્વારા સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ અંતર્ગત પસંદ થયેલ મહીસાગર જીલ્લાની ૩૬ શાળાઓને પ્રમાણપત્ર એનાયત કરવા જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ૪૨ પાટીદાર સમાજ ઘર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમિલાબેન ડામોરની અધ્યક્ષસ્થતામાં યોજાયો. જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા, એટલે કે જે જગ્યા સ્વચ્છ છે ત્યાં પ્રભુનો વાસ હોય છે. આ ઉક્તીને સાર્થક કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ ''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત સ્વચ્છતા ઝૂંબેશ અંતર્ગત સફાઈ અંગેની કામગીરી હાથ ધરી છે, એજ રીતે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાહબરી હેઠળ સ્વચ્છતા અંગે ઘણી યોજનાઓ અમલમાં છે.

સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ અતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં મહિસાગર જિલ્લામા કુલ ૩૬ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની શાળાઓનો ઈનામ અને પ્રમાણપત્ર પંચાયત પ્રમુખ રમિલાબેન ડામોર ના વરદ હસ્તે એનાયત કરાયા હતા.

આ પ્રસંગે પંચાયત પ્રમુખ રમિલાબેન ડામોર મહીસાગર જિલ્લાની પસંદ થયેલ તમામ શાળાઓને અભિનંદન પાઠવતા શાળાઓમાં તથા ગામમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક મહીસાગર જીલ્લાની શાળાઓ રાજ્ય કક્ષાએ પણ મહીસાગર જીલ્લાનું નામ આગળ વધારે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉલ્લેખનિય છે કે, સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર ૨૦૨૧-૨૨ અંતર્ગત મહીસાગર જીલ્લાની પસંદ કરાયેલી વિવિધ ૩૬ શાળાઓને પાણી, ટોઈલેટ, સાબુથી હાથ ધોવા, બિહેવિયર ચેન્જ એન્ડ કેપેસીટી બિલ્ડીંગ, ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ, કોરોનાકાળ દરમિયાન તૈયારી જેવા વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ઠ કાર્ય દર્શાવવા બદલ ગ્રામ્ય અને શહેરી કેટેગરીમાં કુલ ૧૦ શાળાઓને પુરસ્કાર ઈનામ સાથે પ્રમાણપત્ર અને ૨૬ શાળાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બારીયા, જિલ્લા શિક્ષણ સમિતીના ચેરમેન બાબુભાઈ પટેલ, તમામ શાળાઓના મુખ્ય શિક્ષકઓ, મુલ્યાંકનકાર તથા સમગ્ર શિક્ષા મહીસાગરનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ટીચર્સ સોસાયટીમાં ફતેપુરા, સંતરામપુર તથા કડાણા તાલુકાના ભ્રષ્ટાચારી વહીવટ કર્તાઓની સામે શિક્ષકોનો વિજય

ફતેપુરા

સંતરામપુર તાલુકાના મુખ્ય મથક સંતરામપુર ખાતે સંતરામપુર, ફતેપુરા તથા કડાણા તાલુકાની સંયુકત ટીચર્સ સોસાયટી આવેલ છે. જેમાં ટીચર્સ સોસાયટીના ભ્રષ્ટાચારી વહીવટ કર્તાઓ દ્વારા મોટાપાયે શિક્ષક વહીવટ કર્તાઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોવા બાબતે ફતેપુરા,સંતરામપુર તથા કડાણાના આઠ જેટલા શિક્ષકોએ વિરોધ ઉઠાવ્યો હતો. તેમજ ટીચર્સ સોસાયટીમાં ગેરવહીવટ નહીં કરવા અને શિક્ષકોના હિતમાં કાર્ય કરવા જણાવતા આઠ જેટલા શિક્ષકોને સભાસદોની ખોટી સહીઓ કરી, શિક્ષકોના નામે ઠરાવ લખી સોસાયટીના સભ્ય પદેથી રદ કરેલ હતા. જેની જાણ રાજ્ય રજીસ્ટ્રાર (અપીલ)ગાંધીનગર ખાતે કરાતા આ ત્રણ તાલુકાના સભાસદ શિક્ષકો તરફી જજમેન્ટ આવતા મોટા ભાગના શિક્ષકોએ એકત્રિત થઈ ગેરરીતિ આચરનાર વહીવટ કર્તાઓ દ્વારા અનઅધિકૃત કરેલ ખર્ચના નાણાનો હિસાબ સહિત સંતરામપુર ટીચર્સ સોસાયટીમાં ચેરમેનને બદલવા માટેનો ઠરાવ કરશેના ડરથી અસંતૃષ્ટ વહીવટ કર્તાઓ દ્વારા ગુજરાત નામદાર હાઈકોર્ટ દ્વારા સ્ટે મેળવવાનો પ્રયત્ન કરતાં સ્ટે નહીં અપાતાં સંતરામપુર ટીચર્સ સોસાયટીના વહીવટ કર્તા ઓએ સભા બંધ રાખી હોવાનું પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ ફતેપુરા ના અધ્યક્ષ વિરેન્દ્રભાઈ જી.તાવીયાડ દ્વારા જાણવા મળેલ છે.અને તેઓએ જણાવ્યું છે કે,ટીચર્સ સોસાયટીના વહીવટ કર્તાઓ શિક્ષક આલમમાં શિક્ષકો તથા મંડળીના હિતને નુકસાન પહોંચાડતા હોય સભાસદ શિક્ષકોએ વહીવટકર્તા ભ્રષ્ટાચારી શિક્ષકોની સામે આકરા પગલા લેવા ફતેપુરા, સંતરામપુર તથા કડાણા તાલુકાના શિક્ષકો દ્વારા રણનીતિ ઘડવા તૈયારી કરી રહ્યા છે.

આમ, સંતરામપુર ટીચર્સ સોસાયટીના સભાસદોના આક્ષેપમા જણાવ્યા પ્રમાણે સત્યતા હોય તો આવતીકાલ ભારતના ભવિષ્યનું ઘડતર કરનાર શિક્ષણ જેવા પાયાના ક્ષેત્રમાંજ ભ્રષ્ટાચારનો સડો પ્રસરેલો હોય ત્યારે અન્ય ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર દૂર થશે તેવી અપેક્ષા રાખવી તે કેટલા અંશે વ્યાજબી છે...?

## પંચમહાલ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીના આયોજન સંદર્ભે બેઠક યોજાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાના અદયક્ષસ્થાને હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીના આયોજન સંદર્ભે જિલ્લા સેવા સદન ગોધરા ખાતે વિવિધ વિભાગના સબંધિત અધીકારીગણો સાથે બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરએ હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણીના આયોજન સંદર્ભે અધીકારીગણો સાથે ચર્ચા વિચારણા કરી સુચારૂ સલાહ સુચનો આપ્યા હતા. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાની બધી જ સરકારી, અર્ધસરકારી તથા વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ પર તા.૧૩ ઓગષ્ટથી લઈને તા.૧૫ ઓગષ્ટ સુધી રાષ્ટ્રધ્વજ ફરકાવીને આ કાર્યક્રમની ઉજવણી કરવા જણાવ્યું હતું. વધુમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ''હર ઘર તિરંગા'' કાર્યક્રમ દ્વારા દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવા, રાષ્ટ્રીય ધ્વજ માટે જાગૃતિ અને રિસ્પેક્ટ વધે તથા ધ્વજનું માન-સન્માન જળવાઈ રહે તે અંતર્ગત સમગ્ર જિલ્લામાં આયોજન કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર એમ.ડી ચુડાસમાએ જણાવ્યું હતું કે, પંચમહાલ જિલ્લામાં સરકારના નિયત માપ મુજબ ૨૦ બાય ૩૦ અને ૧૮ બાય ૨૪ માપના રાષ્ટ્ર ધ્વજને આગામી ૧૩ ઓગષ્ટથી લઈને તા.૧૫ ઓગષ્ટ સુધી ફરકાવવામાં આવશે.તેમણે નગરપાલીકાના અધિકારીને સમયસર ધ્વજ મળી રહે તે મુજબ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. આ સાથે પોલીસ સ્ટેશન પર બેનર, હોર્ડિંગ્સ, પરેડ અને તિરંગા સાથેની તમામ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, નાયબ પોલીસ અધિકારી હિમાલા જોશી, નાયબ વન સંરક્ષક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રીકાબેન ભાભોર, પ્રાંત અધિકારી એન.બી. રાજપુત સહિત જિલ્લાના વિવિધ સબંધિત અધીકારીગણો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ આરોગ્ય વિભાગ દ્વારા વાહક જન્ય રોગના નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગત તારીખ ૧૧ જુલાઈથી તારીખ ૨૦ જુલાઈ દરમિયાન પ્રોગ્રેસીવ વાહક જન્ય રોગના નિયંત્રણ માટે ૬૨૦ ટીમ મારફતે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામા આવી હતી. જેમાં કુલ ૨૭૧૪૪૯ ઘરોમાં ૧૩૮૯૫૧૪ ની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવી હતી. જે પૈકી મોરવાહડફ તાલુકામાં કુલ ૨૮૦૭૦ ઘરોમાં ૧૪૭૬૭૭ ની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરેલ હતી. શહેરા તાલુકામાં કુલ ૪૦૨૮૨ ઘરોમાં ૨૦૦૯૬૬ વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરેલ હતી. ગોધરા તાલુકામાં કુલ ૭૭૩૨૩ ઘરોમાં ૪૧૫૧૫૫, ઘોઘંબા તાલુકામાં કુલ ૩૭૪૭૫ ઘરોમાં ૧૮૮૯૧૨, કાલોલ તાલુકામાં કુલ ૪૨૯૦૯ ઘરોમાં ૨૧૮૯૭૨,હાલોલ તાલુકામાં કુલ ૩૭૭૦૯ ઘરોમાં ૧૮૧૯૫૭, જાંબુઘોડા તાલુકામાં કુલ ૭૬૮૧ ઘરોમાં ૩૫૮૭૫ વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ હતી. જે અંતર્ગત કુલ ૯૬૭૩ તાવના કેસોના લોહીના નમૂના લેવામાં આવેલ હતા જે તમામ નેગેટિવ છે તથા કુલ સમગ્ર જિલ્લામાં ૨૭૧૪૪૯ ઘરો પૈકી ૩૪૬૯ ઘરોમાં મચ્છરોના બ્રિડિંગ મળેલ હતા તથા ૯૯૦૭૫૯ મચ્છર ઉત્પત્તિ સ્થાનોને તપાસવામાં આવેલ હતા જે પૈકી ૫૭૦૫ પાત્રોમાં મચ્છરોના બ્રિડિંગ મળેલ હતા તેમાં ટેમિફોસ દવા મારફતે પોરનાશક કામગીરી હાથ ધરાઈ હતી. આ સાથે ૪૮૪૧૬ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નિકાલ કરવામાં આવ્યો છે.

## હાલોલ ખાતે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબીર યોજાઈ

ગોધરા,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા દ્વારા જી.આઈ.ડી.સી સ્કીલ અપગ્રેડશન કેન્દ્ર હાલોલ ખાતે ઉમેદવાર ભાઈઓ અને બહેનોને ખાનગી ક્ષેત્રમા રોજગારી અને સ્વરોજગારીની તકો મળે તે માટે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર શિબીર યોજવામાં આવી હતી. જેમાં પંચમહાલ,અમદાવાદ જીલ્લાના ૦૮ નોકરીદાતા હાજર રહ્યા હતા. આ ભરતી મેળામાં ૧૮ થી ૩૫ વર્ષના ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ અને ગ્રેજયુએટ લાયકાત મુજબની ૫૭૦ જેટલી ટેકનીકલ, નોન ટેકનીકલ જગ્યાઓ માટે ૧૦૦ જેટલા ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પ્રકીયામા ભાગ લીધો હતો. જેમાંથી ૫૪ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામા આવી હતી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૩૧૨૦ જેટલા ઉમેદવારોને ભરતી મેળામાં ભાગ લેવા એસ.એમ.એસ અને ઈમેલથી જાણ કરવામાં આવેલ હતી.

ઉમેદવારોને આગામી દિવસોમાં ઘેર બેઠા રોજગારી નો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www. anubandham. gujarat.gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા તેમજ આર્મી ભરતી પુર્વે વિના મુલ્યે ૩૦ દિવસની નિવાસી તાલીમમાં જોડાવા રોજગાર કચેરીમા ફોર્મ ભરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## નાણા ધીરધાર કરનારાઓએ નવા રજીસ્ટ્રેશન તેમજ રીન્યુઅલની કામગીરી ઓનલાઈન કરવાની રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લાના નોંધાયેલા શાહુકારો તેમજ નાણા ધીરધારની પ્રવૃતિ સાથે સંકળાયેલા તમામે ઇ કોઓપરેટિવ પોર્ટલ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. નવા રજીસ્ટ્રેશન તેમજ રીન્યુઅલની તમામ કામગીરી ઓનલાઈન કરાશે. આ માટેની અરજીઓ www.ecooperative.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન કરવાની રહેશે. જે અંગે માર્ગદર્શનની જરૂરિયાત જણાય તો અત્રેની કચેરીનો રૂબરૂ અથવા તો હેલ્પ ડેસ્ક નં. ૦૨૬૭૩-૨૩૯૧૮૦ ઉપર સંપર્ક કરી શકાશે તેમ શાહુકારોના નિબંધક અને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદે જણાવ્યું છે.

## ગોધરા ખાતે ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું કરાશે આયોજન

ગોધરા

રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા ચિલ્ડ્રન વર્કશોપનું આયોજન જિલ્લા રમતગમત કચેરી પંચમહાલના ઉપક્રમે બાળકોની ચિત્રકલા રૂચી વિકસે અને તેઓને ચિત્રકલાના વિવિધ માધ્યમોમાંથી જાણકારી મળે તે હેતુને દયાને લઈને લલિતકલા અકાદમી દ્વારા વર્ષ ૬ થી ૧૪ વર્ષની વયજુથના બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. આ વર્કશોપમાં વધુમાં વધુ ૧૦૦ બાળકોના સમાવેશ કરવામાં આવનાર છે. ચિત્રકામ માટે જરૂરી સાધનો, જેવા કે ડ્રોઈંગ પેન્સીલ, રબર, કલરબોક્ષ, ડ્રોઈંગ પેપર જેની સામગ્રી સેમીનાર દરમ્યાન આપવામાં આવશે.આ ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ માટે તારીખ ૨૯.૦૭.૨૦૨૨ પહેલા અરજીફોર્મ જમા કરાવવા જણાવ્યું છે.

વધુ માહીતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી પંચમહાલ, બહુમાળી ભવન, સેવા સદન ભાગ -૨, રૂમ નં.૩૫ નો સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા રમતગમત અધિકારી પંચમહાલ, ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## આપની આજ.......

મેષ:આજે વધુ કામના કારણે પરિવારના સભ્યો અને જીવનસાથીને સમય આપી શકશો નહીં. કોઈ વ્યક્તિ સાથે ધાર્મિક વિવાદની ચર્ચા ના કરો. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

વૃષભ:રાજ્ય અને સરકારી ક્ષેત્રને લગતી બાબતોમાં આજનો દિવસ અનુકૂળ છે. તમારા પ્રયત્નો સફળ થશે. તમને ક્ષેત્રમાં અધિકારીઓ અને વરિષ્ઠ લોકોનો સહયોગ મળશે. પદ, પ્રતિષ્ઠા વધશે.

મિથુન:આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. આજે તમને કોઈ વિશેષ કાર્યને કારણે ભેટ અને સન્માનનો લાભ મળી શકે છે. આજે તમે અન્ય લોકોનો સહયોગ મેળવી શકશો.

કર્ક:આજે ગુપ્ત શત્રુઓ અને ઈર્ષાળુ સાથીઓથી સાવધાન રહો, તે વધુ સારું રહેશે. તમને આર્થિક દિશામાં સફળતા મળશે. લોકો તમારા વર્તનથી પ્રભાવિત થશે અને તમારી પ્રતિષ્ઠા વધશે.

સિંહ:તમારી રાશિના જાતકોમાં માનસિક ત્રાસ ઊભા થઈ શકે છે. પરંતુ, પારિવારિક જીવનમાં પ્રેમ રહેશે. આજે સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા વધશે. ધંધામાં ધનનો લાભ થશે. કોઈ બાબતે માનસિક અસ્વસ્થતા હોઈ શકે છે.

કન્યા:આજે કન્યા રાશિના જાતકો તમારી શકિતમાં વધારો કરી રહ્યા છે. શત્રુ તમારી સંપત્તિ, ધનશક્તિની વૃદ્ધિની ઈર્ષ્યા કરશે. પારિવારિક જીવન સુખી રહેશે. તમને સરકારનો સંપૂર્ણ સહયોગ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.

તુલા:તુલા રાશિવાળા બેરોજગાર લોકોને આજે રોજગારી મળે તેવી સંભાવના છે. આર્થિક દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો પણ સફળ થશે.

વૃશ્ચિક:આજે તમે કંઇક વિશેષ અને કંઇક અલગ બતાવવા માગો છો. આજે આર્થિક દિશામાં સફળતા મળશે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

ધનુ: આ સમયે ભાઈ-બહેનો સાથે સંકલનનો અભાવ હોઈ શકે છે. જોકે વ્યાવસાયિક યોજનાને વેગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહો અને બેદરકારી ટાળો. ક્ષેત્રમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

મકર:આજે જૂના રોગમાંથી છૂટકારો મેળવશો. ધંધાકીય દિશામાં તમને સફળતા મળશે. ખાવા-પીવામાં સમય રાખો. આજે બિનજરૂરી ખર્ચાનો સામનો કરવો પડી શકે છે. વિરોધીઓ આજે હારશે. તમને રોજગારીમાં સફળતા મળશે.

કુંભ:આજે ઘર માટે જરૂરી વસ્તુઓમાં વધારો થશે. કોઈ કર્મચારી અથવા સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસા-વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

મીન:આજે જૂના ઝઘડા અને મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. આજે વ્યાવસાયિક પ્રતિષ્ઠા વધશે. ભેટ અને સન્માનનો લાભ આજે મેળવી શકાય છે. કોઈ કાર્ય પૂર્ણ થતાં જ તમારો સ્વભાવ અને વર્ચસ્વ વધશે.

## ઋષિ સુનકનાં સપનાં પર પાણી ફરી શકે છે પાણી, લિઝ ટ્રૂસે યુકેના વડાપ્રધાન બની શકે છે : સર્વે

### હવે તેમને ટોરી સભ્યોમાં ખૂબ જ મુશ્કેલ મતનો સામનો કરવો પડશે. લિઝ ટ્રસને પહેલેથી જ બોરિસ જોન્સનનું સમર્થન છે

લંડન,

બ્રિટનની સાથે-સાથે આ દિવસોમાં ઋષિ સુનકને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે. તેનું કારણ એ છે કે તેઓ ભારતીય મૂળના છે અને બ્રિટિશ વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. અત્યાર સુધી વોટિંગમાં સુનકનું પરફોમન્સ જોરદાર દેખાઈ રહ્યું હતું. પરંતુ હવે એક સર્વેના પરિણામો બતાવી રહ્યા છે કે ઋષિ સુનકનું સપનું ઊંધુ થઈ શકે છે. હકીકતમાં, આ નવા સર્વેમાં, વિદેશ સચિવ લિઝ ટ્રૂસે બ્રિટનના આગામી વડા પ્રધાન બનવાની રેસમાં ઋષિ સુનક કરતાં ૨૮ વોટની લીડ લીધી છે.યોગોએ અગ્રણી બ્રિટિશ આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ આધારિત બજાર સંશોધન અને ડેટા વિશ્લેષણ કરતી કંપની છે. યોગો સર્વે મુજબ,



કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોએ ગુરુવારે બોરિસ જોન્સનના અનુગામી પસંદ કરવા માટે ઋષિ સુનક અને લિઝ ટ્રસ માટે મતદાનના અંતિમ રાઉન્ડમાં ભાગ લીધો હતો.

જહોન્સનની સરકારમાં નાણામંત્રી રહેલા ઋષિ સુનક માટે પણ પીએમ બનવાનો રસ્તો સરળ જણાતો નથી, કારણ કે હવે તેમને ટોરી સભ્યોમાં ખૂબ જ મુશ્કેલ મતનો સામનો કરવો પડશે. લિઝ ટ્રસને પહેલેથી જ બોરિસ જોન્સનનું સમર્થન છે. આ અઠવાડિયાની શરૂઆતમાં સ્કાય ન્યૂઝના અહેવાલ મુજબ, આંકડા સૂચવે છે કે ૪૬ વર્ષીય ટ્રૂસ ૪૨ વર્ષીય ભૂતપૂર્વ ચાન્સેલર ઋષિ સુનકને વન-ઓન-વન લડાઈમાં ૧૯ પોઈન્ટથી હરાવશે.

હકીકતમાં, બુધવાર અને ગુરુવારે ૭૩૦ કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોના મતદાન અનુસાર, ૬૨ ટકાએ કહ્યું કે તેઓ ટ્રસને મત આપશે. તે જ સમયે, ૩૮ ટકા લોકોએ ઋષિ સુનકને પોતાનો મત આપવાની વાત કરી. જ્યારે કેટલાક એવા પણ હતા જેઓ બેમાંથી એકને પણ મત આપવા માંગતા ન હતા. પીએમની ખુરશી સુધી પહોંચવા માટે, હવે સુનકે કન્ઝર્વેટિવ પાર્ટીના અંદાજિત એક લાખ ૬૦ હજાર મતદારોને તેમના પક્ષમાં પોસ્ટલ બેલેટ નાખવા માટે તૈયાર કરવા પડશે. યુકેના નવા વડાપ્રધાનનું નામ ૫ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવશે.

જો કે સર્વે ગમે તે કહે પરંતુ ઋષિ સુનક બ્રિટનના વડાપ્રધાનની ખુરસીથી હવે એક જ ડગલું પાછળ છે. તેમણે કન્ઝર્વેટિવ પાર્ટીના નેતાની ચૂંટણી માટે આયોજિત પાંચમા તબક્કાના વોટિંગમાં ધમાકેદાર જીત હાંસલ કરી છે. તેમને કુલ ૧૩૭ મત મળ્યા છે, જ્યારે લિઝ ટ્રસ ૧૧૩ મત સાથે બીજા સ્થાને છે.

પેની મોર્ડન્ટ ૧૦૫ મત મેળવીને આ મુકાબલામાંથી બહાર નીકળી ગયા છે. ભારતીય મૂળના પૂર્વ ચાન્સેલર ઋષિ સુનકને તેમની પાર્ટીના સાથીદારો દ્વારા ચોથા તબક્કાના મતદાનમાં ૧૧૮ મત મળ્યા હતા. એ વખતે લિઝ ટ્રસને ૮૬ અને પેની મોર્ડન્ટને ૯૨ મત મળ્યા હતા. રાજકીય વિશ્લેષકોના મતે, ઋષિ સુનકે વડાપ્રધાન બનવા જાદુઈ આંકડો પાર કરી લીધો છે. બોરિસ જોનસનની જગ્યાએ તેમને ૧૨૦ મતની જરૂર હતી, પરંતુ સુનકે બધી જ મુશ્કેલીઓ પાર પાડીને પાંચમા તબક્કામાં ૧૩૭ મત મેળવ્યા, એ ખૂબ મોટી સફળતા છે. આ જીત પછી સુનકની ટીમે કહ્યું હતું કે સાંસદોના સ્પષ્ટ જનાદેશ સાથે આ મજબૂત પરિણામ છે. આમ, બ્રિટનના વડાપ્રધાનપદ માટે ફાઈનલ બે ઉમેદવાર નક્કી થઈ ચૂક્યા છે.

હવે બંને ઉમેદવાર સમગ્ર દેશમાં કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યો વચ્ચે જઈને પોતાનો પ્રચાર કરશે. ત્યાર પછી ટોરી પાર્ટીના ૧,૬૦,૦૦૦ સભ્ય પોતાના નેતા માટે ટપાલ થકી મત આપશે. આ ટપાલ મતપત્રકોમાં ગણતરી કરીને પાંચ ડિસેમ્બરે વિજેતાની જાહેરાત કરાશે. આ દરમિયાન બંને ઉમેદવાર સોમવારે ૨૫ જુલાઈએ બીબીસી પર સામસામે ચર્ચામાં ભાગ લેશે.

# દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની ચણાસર ડુંગરા પ્રાથમિક શાળાના ૫૦ બાળકો જીવના જોખમે અભ્યાસ કરવા મજબૂર બન્યા

**એક ઓરડામાં આચાર્યની ઓફિસ અને મધ્યાન ભોજન રૂમમાં બાળકો ભણી રહ્યા છે.**

**૭૦ વર્ષ બાદ પણ શાળાનું નવીનીકરણ કરવામાં ન આવતા વાલીઓમાં ભારે રોષ.**



દાહોદ,

ઝાલોદ તાલુકાના રણીયાર સરકારી ગામની ચણાસર ડુંગર ફળિયામાં આવેલી પ્રાથમિક શાળાની તાલુકા સભ્ય રાધાબેન બીરેન કુમાર ભાભો સેર દ્વારા મુલાકાત લેવામાં આવતા શાળાની સ્થિતિ કફોડી હાલતમાં જોવા મળી હતી. આ પ્રાથમિક શાળામાં ગામના ૫૦ ભૂલકાઓ અભ્યાસ કરી રહ્યા છે .આઝાદી બાદ એક પણ વાર શાળાની રીપેરીંગ કે નવીનીકરણ કરવામાં ન આવતા શાળાનું મકાન આખું જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયેલું જોવા મળી રહ્યું છે. તેમજ શાળામાં બે ઓરડાઓ કાર્યરત છે.જેમાં એક ઓરડામાં શાળાના આચાર્યની કચેરી, મધ્યાહન ભોજન નું રસોડું અને અંદર જ બાળકોનું શિક્ષણ ચાલી રહ્યું છે. જ્યારે બીજા ઓરડામાં બાળકો અભ્યાસ કરે છે. બંને ઓરડામાં બાળકોને અભ્યાસ કરવામાં અગવડતા પડતી હોવાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપેલો જોવા મળ્યો હતો. શાળાની સ્થિતિ બાબતે અનેકવાર શિક્ષણ વિભાગમાં રજૂઆત કરવા છતાં પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ચોમાસાના સમયમાં બાળકોને ઓરડાઓમાં છતમાંથી પડતા પાણીએ અભ્યાસ કરવો પડી રહ્યો છે. સાથે અભ્યાસ માટે બે અલાયદા ઓરડા ન હોવાના લીધે મધ્યાન ભોજન રૂમમાં બાળકોને અભ્યાસ કરાવતા જોખમ જોવા મળ્યું છે અને શાળાનું મકાન પણ આખું જર્જરિત બનતાં બાળકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ગામના બાળકોને ઉત્સાહથી ભણવું છે, પરંતુ શાળામાં ભૌતિક સુવિધા ન હોવાના કારણે બાળકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે ગામના જવાબદાર આગેવાનો, એસ એમસી કમિટી અને શાળાના આચાર્ય દ્વારા અસંખ્ય વાર ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં પણ શાળાની મરામત માટે કે નવીનીકરણની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના લીધે બાળકોને જર્જરીત અને સુવિધા વિના અભ્યાસ કરવો પડી રહ્યો છે.આ મામલે તાલુકા સભ્ય દ્વારા મુલાકાત લઈને સમગ્ર બાબતની અધિકારીઓને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ બાબતે તંત્ર દ્વારા અદ્યતન સુવિધાથી સજ્જ જરૂરિયાત પ્રમાણેનું બહુમાળી શીક્ષણ ભવનનું નિર્માણ કરવામાં આવે તેવી લોક માંગ ઊઠી છે



# દાહોદ જિલ્લામાં મેઘમહેરને આબાદ ઝીલતું વનવિભાગ : વનતલાવડી અને પરકોલેશન ટેન્ક છલકાયા





દાહોદ,

આ વર્ષાઋતુમાં દાહોદ જિલ્લામાં મેહુલિયાએ અમીદ્રષ્ટિ કરી છે અને આકાશમાંથી વરસેલા કાચા સોનાને વનવિભાગે આબાદ ઝીલી લીધું છે. અષાઢમાં વરસેલા વરસાદે જિલ્લામાં સુઝલામ સુફલામ યોજના અંતર્ગત બનાવાયેલી ૨૬ વનતલાવડી અને ૫૦ પરકોલેશન ટેન્કમાંથી મોટા ભાગનાને છલકાવી દીધા છે. આ વનતલાવડીઓ અને પરકોલેશન ટેન્ક સંપૂર્ણપણે ભરાઈ જતા અનુક્રમે ૯૭૧ લાખ લીટર અને ૫૦ લાખ લીટર પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

દાહોદ જિલ્લાના ૯ તાલુકાઓમાં બારીયા વન વિભાગના કાર્યવિસ્તારમાં સુઝલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૨ અંતર્ગત ૨૬ સેન્ટરો પર નવીન વનતળાવો અને ૫૦ સેન્ટરો ઉપર પરકોલેશન ટેન્કની કામગીરી પૂર્ણ કરાઇ હતી. આકાશમાંથી વરસેલા દરેક બુંદને સંગ્રહ કરી લેવાના ઉદ્દેશ સાથે વન્યજીવોને વર્ષભર પીવાના પાણીની સુવિધા મળી રહે તે માટે સઘન રીતે આ કામગીરી કરાઇ હતી. આ કામગીરીથી આસપાસના ગામડાઓના કુવા, હેન્ડપંપ, તળાવોના પાણીના સ્તર ઉંચા કરવા તેમજ ખેડૂતો વર્ષ દરમિયાન એક થી વધુ પાક લઇ શકશે. આ વનતલાવડીઓથી વનવિસ્તારનું પણ જતન થશે અને જંગલ વધુ ગાઢ બનશે.

જિલ્લામાં ૨૬ સેન્ટરો ખાતે રૂ. ૨૬ લાખના ખર્ચે નવા વન તળાવ ઉભા કરાયા છે. જેમાં ૫૦૯ માનવદિનની રોજગારી પ્રાપ્ત થઇ હતી. તદ્દઉપરાંત આ વન તળાવ સંપૂર્ણ ભરાય જતા ૯૭૧ લાખ લીટર જળક્ષમતા મળશે. જેથી આસપાસના કુવા, હેન્ડપંપના પાણીના સ્તર ઉંચા આવતા સ્થાનિક લોકોને પણ સીધો લાભ મળશે. વાવેતર કરાયેલા રોપાઓ માટે આ પાણી નવજીવન આપશે તેમજ વન્યજીવો માટે પણ પાણીની સુવિધા મળશે.

તદ્દઉપરાંત બારીયા વનવિભાગ દ્વારા જિલ્લાના ૫૦ સેન્ટર ઉપર ૫૦ પરકોલેશન ટેન્ક તૈયાર કરાયા છે. રૂ. ૮.૪૬ લાખના ખર્ચે તૈયાર કરાયેલા આ ટેન્ક પણ વરસાદી પાણીથી છલકાવા લાગ્યા છે. સંપૂર્ણપણે ભરાયા બાદ ૫૦ લાખ લીટર પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. આ ટેન્ક બનાવવા માટે ૧૧૨૮ માનવદિનની રોજગારી ઉભી કરાઇ હતી.

આ પરકોલેશન ટેન્ક ૧૦ મીટર લાંબા, ૧૦ મીટર પહોંળા અને ૧ મીટર ઉંડા બનાવાયા છે. પ્રતિ પરકોલેશન ટેન્કથી ૧ લાખ લીટર પાણીનો સંગ્રહ થઇ શકશે. વનવિભાગ દ્વારા ચોમાસાના વાવેતર પ્લોટોમાં રોપાઓના વાવેતર માટે સીધો લાભ આ જળસંગ્રહથી મળશે. આ ટેન્ક એ રીતે તૈયાર કરાયા છે કે એક ઈંચ વરસાદ વરસસે તો રોપાને ૫ ઈંચ વરસાદનો લાભ મળશે. આ નાની લાગતી પણ ખૂબ અદભૂત પરિણામ આપતી કામગીરી વનવિભાગ દ્વારા કરવામાં આવી છે.

# ગરબાડા તાલુકાના દેવધા ગામમાં અલગ અલગ ધર્મપાળતા બે સગા ભાઈઓ દ્વારા માતાની અંતિમ વિધિ કરવા બાબતે વિવાદ



ગરબાડા,

ગરબાડા તાલુકાના દેવધા ગામે બનેલા એક બનાવમાં માતાનું મૃત્યુ થતાં અલગ અલગ ધર્મ પાળતા બે સગા ભાઈઓ વચ્ચે માતાની અંતિમવિધિ બાબતે વિવાદ થયો હતો. અંતે ગામના આગેવાનોની સમજાવટ તથા પોલીસની વચ્ચે હિન્દુ સ્મશાનમાં હિન્દુ રીત રિવાજ મુજબ મૃતક મહિલાને દફનવિધિ આપવા માં આવી. જે ઘટના પંથકમાં ચર્ચાનો વિષય બની હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગરબાડા તાલુકાના દેવધા ગામના ગાળા ફળિયામાં રહેતા બચુભાઈ દેહદાને બે પુત્રો છે. જે પૈકી મોટો પુત્ર કેગુભાઈ બચુભાઈ દેહદા કે જેઓ હિન્દુ ધર્મમાં માને છે. જ્યારે તેમનો નાનો પુત્ર ભૂરચંદભાઈ બચુભાઈ દેહદા ખ્રિસ્તી ધર્મ અપનાવેલો છે. તારીખ ૨૧ ના ગત સાંજના બચુભાઈ દેવધાના ધર્મ પત્ની સેનાબેન ઉ.વ ૬૫ નું કુદરતી રીતે મૃત્યુ થયું હતું. રાત્રિના કારણે તેમની અંતિમ વિધિ બીજા દિવસે સવારે કરવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ બંને ભાઈઓ અલગ અલગ ધર્મ માનતા હોય જેથી નાનો ભાઈ ખ્રિસ્તી ધર્મ મુજબ પોતાની માતાને ખેતરમાં દફનાવા માંગતો હતો. જેને લઈને તેને પોતાના ખેતરમાં જેસીબી મશીન દ્વારા ખાડો પણ ખોદાવી દીધો હતો. જે બાબત નો ગ્રામજનો આગેવાનો તેમજ તેમના મોટાભાઈ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો કે મારી પણ માં છે. જેથી હું હિન્દુ ધર્મ પ્રમાણે તેમને અગ્નિસંસ્કાર કરીશ. તેમ છતાં પણ મામલો થાળે ના પડતા અંતે ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. અને અંતિમવિધિ બાબતે ગંભીરતાપૂર્વક પરિવાર અને ગ્રામજનો સાથે ચર્ચા કર્યા બાદ ખેતરમાં દફનવિધિ ન કરવાનું નક્કી કરવામાં આવ્યું અને હિન્દુ સ્મશાનમાં સમાધિ આપવાનું નક્કી કરવામા આવ્યું હતું

**મોટા પુત્ર દ્વારા હિન્દુ રીતિ રિવાજ મુજબ અગ્નિસંસ્કાર આપવા માટે તૈયારીઓ કરી દેવામાં આવી હતી.**

મરણ પામનાર મહિલાના મોટા પુત્ર દ્વારા હિન્દુ રીવાજ મુજબ અગ્નિસંસ્કાર કરવા માટે તૈયારીઓ કરી દેવામાં આવી હતી. સ્મશાનમાં લાકડાઓ પણ મૂકી દેવામાં આવ્યા હતા.

અમારા દેવધા ગામમાં એક મહીલાનું કુદરતી રીતે મૃત્યુ થતાં તેમની અંતિમ વિધિ માટે અલગ અલગ ધર્મોમાં માનતા બે સગા ભાઈઓ વચ્ચે વિવાદ સર્જાયો હતો. મોટો પુત્ર હિન્દુ ન રીત પ્રમાણે અંતિમ સંસ્કાર કરવા માંગતો હતો અને જ્યારે નાનો પુત્ર ખ્રિસ્તી ધર્મ અપનાવેલ હોય તે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે દફનવિધિ કરવા માંગતો હતો. જે બાબતને લઈ ગામજનો અને પંચ ભેગી થઈ હતી અને કોઈ અઘટિત બનાવ ના બને તે માટે પોલીસને પણ આ બાબતની જાણ કરવામાં આવી હતી. અંતે પંચ દ્વારા સમજાવટ બાદ હિન્દુ સ્મશાનમાં દફનવિધિ આપવાનું નક્કી કર્યું.

બદીયાભાઈ બચુભાઈ દેહધા (સામાજિક આગેવાન).. દેવધા

# સંજેલી માંડલી રોડ ઉપર ઠલવાતા કચરાને દુર્ગંધ ફેલાતા લોકો પરેશાન



દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી માંડલી રોડ પર કેટલાય સમયથી નગરનો કચરો પંચાયત દ્વારા નવીન બસ સ્ટેશન પાસેની ખાલી જગ્યામાં ફેંકવામાં આવે છે. રોડની બે બાજુ કચરાના ઢગલા જમા થઈ જતાં અને વરસાદનું પાણી પડતા હાલમાં માથાફાટ દુર્ગંધ ફેલાઈ રહી છે. આવતા જતા અનેક લોકો ત્રાસી ગયા છે. દરરોજ અવર જવર કરતા ડો . શિલ્પન આર. જોષી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક મિત્રો પણ આ બાબતે પરેશાન થાય છે બીજી બાજુ આ ગંદકીની આડ અસરથી લોકોમાં કોલેરા જેવો રોગચાળો ફેલાય તેની પણ ભીતિ સેવાઈ રહી છે. જો આવો રોગચાળો ફાટી નીકળે તે પહેલા કચરાને દૂર કરવા માટે તાલુકાની મામલતદાર કચેરી તેમજ સંજેલી તાલુકા પંચાયતના અધિકારીને લેખિત રજુઆત કરવામા આવી હતી જો ગંદકી દૂર ન થાય તો ગાંધી ચીંધીયા માર્ગે શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે રસ્તા રોકો આંદોલન કરશે અને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ધરણા પર બેસવાની ચીમકી પણ આ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉપચારી હતી. ડો.શિલ્પન આર, જોષી ઉ.મા. શાળાએ જતા વિદ્યાર્થીઓ પરેશાન યોગ્ય નિકાલ કરવા તાલુકાના મામલતદાર તથા ટીડીઓ ને રજુઆત કરતા આવેદન પત્ર આપ્યું.

# એક મોકો કેજરીવાલને સૂત્રના સાથે આમ આદમી પાર્ટીનું દાહોદ જીલ્લાની વિધાનસભાના દંગલ માટેની તૈયાર થઈ



દે.બારીયા,

દાહોદ જીલ્લાના આમ આદમી પાર્ટીની સમિતિના દ્વારા તા.૨૨/૦૭/૨૦૨૨ના રોજ રાધે ગોકુળ, રડીયાત રોડ ખાતે એક ભવ્ય પ્રોગ્રામનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેના મુખ્ય અતિથી તરીકે પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા હતા પરંતુ તેઓ ૧૧ કલાકના બદલે ૪ કલાકે સભાના સ્થાને આવતા આમ જનતામાં નાસીપાસ થવા માંડી હતી. દાહોદ જીલ્લા આપ પાર્ટીની મહેનત થી ખાસ્સી મોટી જનમેદના ભેગી કરી શકી તેમ તેમાં બે મત નથી. ઉપાધ્યાક્ષ નકકી સમય મુજબ આવતા તો દાહોદ જીલ્લામાં આમ આદમી પાર્ટી પ્રત્યેની ચાહત અને લોકજુવાબ અવશ્ય જોવા મળતું. કાર્યક્રમ શરૂ કરતા પહેલા વચ્ચે વચ્ચે લીમડી, ઝાલોદ થી આવતા કાર્યકરોને રોકવામાં આવે છે. તેવું એલાઉન્સ જાહેર કરતા હતા અને આવતી વિધાનસભાની ચુંટણીમાં આનો મુંહ તોડ જવાબ આપીશું. ખુબ મોટી સંખ્યામાં જનમેદનીને સંગઠીત રાખવા માટે દેશ ભકિતના ગીતોમાં જહા ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હૈ, બસેરા વોહ ભારત દેશ હૈ મેરા વોહ ભારત દેશ હૈ મેરા અને સાથે એ પણ એલાઉન્સ કરવામાં આવ્યું હતું. આ ભીડને પૈસા આપીને ભેગા કર્યા નથી પોતાના સ્વખર્ચે અને પોતાની મરજી થી આવ્યા છે. જેથી એસ.ટી.વિભાગને કરોડોનો ફટકો પાડયો નથી. ભાજપની મોટી સભાઓમાં એસ.ટી.વિભાગને રીયુકસી કરીને તેના નાણાં ચુકતે પણ કરાતા નથી. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે અને તે દિવસે બસોના અનેક રૂટ કેન્સલ કરાય છે. તે નફામાં તેવું જનમેદનીમાં ચર્ચાતું હતું.

હાલમાં આમ આદમી પાર્ટીમાં જોડાનાર ડાૅ. જીજ્ઞાબેન પારગી પોતાના ટુંકા પ્રવચનમાં જણાવ્યું હતું. દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ આદિવાસી પરિવારોમાં શકલેટ નામનો નવો રોગ ફેલાયો છે. તેના માટે આરોગ્ય વિભાગ કોઈ જ પગલાં હાલ સુધી લેતી નથી. અર્જુનભાઈ રાઠવા ઉપાધ્યક્ષ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું. હાલની ભાજપના શાસનને આડે હાથે લીધી હતી. ભાજપ બંધ થઈ ગઈ છે. તેમજ કેજરીવાલે દિલ્લી, પંજાબમાં ૩૦૦ યુનિટ વિજળી ફ્રી કરી છે. એજ પ્રમાણે ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી ૩૦૦ યુનિટ વિજળી ફ્રી કરશે અને ૨૪ કલાક વિજળીનો પ્રવાહ ચાલુ રહેશે. તેની ગેરંટી આપી છે. અમુક બીજી પાર્ટીના વ્યકિતઓ કહ્યું કે ગુજરાતમાં બે માસે વીજ બીલ આવે છે. તેવી ખબર પડતા કેજરીવાલે ટવીટ કરીને જણાવ્યું ૬૦૦ યુનિટ ફ્રી આપીશું. ફરી તેલ રેડાયું તો કહી નાખ્યું રેવડી બાજ પાર્ટી જનતા ના પૈસે જનતાને સુવિધા આપે તો રેવડી બાજ થઈ ગયા. ભાજપના શાસનમાં ૧૧ હજાર કરોડનો હિસાબ નથી કેમ ? કહેવું વિજળી શું ? માફ તો કરી એ કરોડો ચાવ કહી જાય તો પણ ડકાર ખાતા નથી. ખરેખર આ કેજરીવાલનો આવનારી વિધાનસભાની ચુંટણીમાં માસ્ટર સ્ટોક સાબિત થાય તો નવાઈ નહીં. આ વખતે તો ઝાડુ થી પોલીટીકલ કચરો સાફ કરવાનો છે. તેવું હાજર ગણને વારંવાર હુંકાર ભરતા જોવામાં આવ્યા હતા. હાજર મેદના ભલે ઉપાધ્યક્ષ મોડા આવ્યા હતા. પરંતુ જનમેદની સભાના સ્થળે થી હાલ નથી. પ્રોગ્રામમાં જીલ્લાના પ્રભારીઓમાં રમેશભાઈ, સ્વપ્નીલભાઈ ભાભોર, ભાનુપ્રસાદ તેમજ હાર્દિકભાઈ, વિપુલભાઈ, મહિપાલભાઈ, દે.બારીયા તાલુકાના પ્રભારી અશોક રાણા, જાવેદ મકરાણી આખા જીલ્લા માંથી નાના મોટા કાર્યકરો, ભાઈ-બહેનો સભામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યું.

# સંજેલી તાલુકા મુખ્ય મથકે આવેલ બેંક ઓફ બરોડા દ્વારા ૧૧૫ મો વાર્ષિક મહોત્સવ ઉજવાયો

સંજેલી,

સંજેલી ખાતે કાર્યરત બેંક ઓફ બરોડા દ્વારા બેંકને ૧૧૫ વર્ષ પૂર્ણ થતા સંજેલી બેંક ઓફ બરોડા દ્વારા ઉજવણી કરવામાં આવી હતી . સંજેલી ખાતે આવેલ રણુજા ધામ ખાતે આવેલ રામદેવ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા રણુજા ધામ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના વિદ્યાર્થીઓને બેંક ઓફ બરોડા ના મેનેજર વત્સ સૌરવ તેમજ સ્ટાફ દ્વારા ૧૧૫ નોટ બુક્સ અને પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું . તેમજ સંજેલી બેન્ક ઓફ બરોડા ના મેનેજર વત્સ સૌરવ દ્વારા સંજેલી ખાતે કાર્યરત બેંક ૧૯૮૧ થી કાર્યરત છે. તેમજ બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ બાબતેની વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી . ત્યારે રણુજા ધામ ખાતે બેંક ઓફ બરોડા સંજેલી ના મેનેજર વત્સ સૌરવ તેમજ કર્મચારીઓ સહિત રણુજા ધામ ખાતે ના ડો. દલસુખદાસજી મહારાજ સૌએ સાથે મળી અને ૧૧૫ જેટલા વૃક્ષો રોપવા માટેનું આયોજન કરાયું હતું . અને ઉજવણી કરવામાં આવી હતી . તેમજ બેંક ઓફ બરોડા સંજેલી દ્વારા ૧૧૫ મો વાર્ષિક મહોત્સવ ની ઉજવણી નિમિત્તે તારીખ બાવીસ અને સુક્રવાર ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરાયું હોવાનું જણાવવામાં આવ્યું હતું.



ગરબાડા તાલુકાના PHC મિનાક્યારનાં ગરબાડા સબસેન્ટર ખાતે જિલ્લા મલેરિયા અધિકારી અતીત ડામોર અને તાલુકા હેલ્થ ઓફિસર ગરબાડા ડો. અશોક ડાભીની સૂચના મુજબ તારીખ ૨૨ ના રોજ ગરબાડા ખાતે સર્વેનું આયોજન કરવામાં આવ્યું.

# લીમખેડા ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો: ૭૮ યુવાનોની પ્રાથમિક પસંદગી

દાહોદ,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી દાહોદ દ્વારા ગત રોજ સરકારી આઈટીઆઈ લીમખેડા ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો હતો. આ ભરતી મેળામાં ૭૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ છે. ભરતી મેળામાં ઉપસ્થિત યુવાનોને સ્વરોજગારી બાબતે માર્ગદર્શન પણ અપાયું હતું. ભરતી મેળામાં દાહોદ,પંચમહાલ,વડોદરા જીલ્લા નોકરીદાતા ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં ૨૦૦ જેટલી ટેકનીકલ-નોન ટેકનીકલ જગ્યાઓ માટે ૧૦૦ થી વધુ ઉમેદવારોએ ઇન્ટરવ્યુ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. ઉપસ્થિત યુવાનોને અનુબંધમ પોર્ટલ તેમજ નેશનલ કરિઅર સેન્ટર, લશ્કરી ભરતી મેળામાં નિવાસી તાલીમ વિશે વિગતે માહિતી અપાઇ હતી. તેમજ રોજગાર સેતુ હેલ્પલાઇન નં. ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા જણાવાયું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.281

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## કાલોલના ચલાલી ગામે પ્રાંત અધિકારીએ રેઈડ કરી

# ૩ ડમ્પર અને બે ટ્રેક્ટર ઝડપી પાડતાં ખાણ ખનિજ વિભાગ દોડતું થયું







- ગોમા નદીના પટમાં ખાણ ખનિજ વિભાગની રહેમનજરે રેતી ખનન માફિયા બેફામ બન્યા.
- પ્રાંત અધિકારીને રેઈડ બાદ ખાણ ખનિજ વિભાગની આંખ ખુલી.
- ચલાલી ગામે રેઈડ બાદ ખાણ ખનિજ અધિકારીની ગવવાડી પહોંચતા જાગૃત નાગરિકોએ ફોટા પાડી વાયરલ કર્યા.
-કાલોલ ચલાલી ગામેથી ૩ ડમ્પર અને બે ટ્રેક્ટર મળીને ૧ કરોડ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

**ગોધરા પ્રાંત અધિકારી અને કાલોલ મામલતદાર દ્વારા ચલાલી ગામે રેઈડ કરી રેતી ખનન કરતાં ત્રણ ડમ્પર અને બે ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યા હોય જેની જાણકારી સાથે ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દોડતા થયા સામાન્ય દિવસોમાં રેતી ખનન માફિયાઓ ઉપર રહેમનજર રાખતા ખાણ ખનિજ પોલ સામે આવી છે.**

ગોધરા,

કાલોલ તાલુકામાં ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનન કરી ડમ્પર દ્વારા વહન કરવામાં આવતું હોય અને જીલ્લા ખાણ ખનિજ વિભાગ કાર્યવાહીના નામે લીપાપોથી કરતું હોય છે. ત્યારે આજરોજ ગોધરા પ્રાંત અધિકારી અને કાલોલ મામલતદાર દ્વારા ચલાલી ચોકડી પાસેથી ૩ ડમ્પર અને શામળદેવી પાસે બે ટ્રેકટર ઝડપી પાડવામાં આવ્યા. પ્રાંત અધિકારી દ્વારા રેતીના ડમ્પર ઝડપી પાડતાં ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દોડતા થયા.કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનો ધંધો ફુલો ફાલ્યો છે. ખાણ ખનિજ વિભાગ અનેક વખત રેઈડ કરતી હોવા છતાં જાણે ખનિજ માફિયાઓ સાથેના ઘોરબાને લઈ ખાણ ખનિજ વિભાગનો ખનિજ માફિયાઓ ઉપર અસર જોવા મળતી નથી. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા કાલોલના ચલાલી ગામે રેઈડ કરીને ૩ ડમ્પરો ઝડપી પાડવામાં આવ્યા હતા.પ્રાંત અધિકારી દ્વારા ચલાલી ગામેથી રેતી ખનન ૩ ડમ્પર બાદ કાલોલ મામલતદાર દ્વારા શામળદેવી પાસેથી બે ટ્રેકટર ઝડપી પાડવામાં આવ્યા ચલાલી ગામે પ્રાંત અધિકારીએ રેઈડ કરીને રેતીના ડમ્પર ઝડપી પાડવાની જાણ થતાં જીલ્લા ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ ચલાલી ગામે પહોંચ્યા હતા. ખાણ ખનિજ વિભાગના અધિકારી ગાડી પહોંચતા જાગૃત નાગરિક ફોટો પાડીને સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં હડકંપ મચી જવા પામ્યો છે.

પ્રાંત અધિકારીએ રેઈડ દરમિયાન નવ જેટલા ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. તે પૈકી માત્ર ૩ ડમ્પર ગોધરા ખાતે મોકલવામાં આવ્યા. સ્થાનિકોના કહેવા મુજબ કેટલાક ડમ્પર ચાલકોએ વેજલપુર ચલાલી રોડ ઉપર બંધ પડેલ રેતીના સેન્ટર ઉપર ડમ્પરો ખાલી કરી ફરાર થઈ ગયા હતા. પ્રાંત અધિકારી અને કાલોલ મામલતદાર દ્વારા ચલાલી ગામે રેઈડ કરીને રેતી ખનન કરતા ડમ્પરને ઝડપી લેવામાં આવ્યા છે. જેને લઈ ખાણ ખનિજ વિભાગની કામગીરી ઉપર અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. જીલ્લા ખાણ ખનિજ વિભાગની રહેમનજર હેઠળ રેતી ખનન માફિયાઓ બેફામ બન્યા છે.

## પંચમહાલ ડી.આર.ડી.એના એ.ડી.એમ. કર્મચારીઓ સમાન વેતન માટે આવેદન આપ્યું



ગોધરા,

પંચમહાલ જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત તાલુકા તથા ગ્રામ્યકક્ષાએ મહેકમ ની કાયમી જગ્યાઓ પર ફરજ બજાવતા ડી.આર.ડી.એ – એ.ડી.એમ કર્મચારીઓ દ્વારા સમાન કામ સમાન વેતન તેમજ અન્ય હક્કોની માંગણીઓને લઈ કર્મીઓએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,ગુજરાત પ્રદેશ ભાજપ અદયક્ષ સી.આર.પાટીલ,ગ્રામ વિકાસ મંત્રી બ્રિજેશ મિર્ઝા ,ગ્રામ વિકાસ કમિશનર, પંચમહાલ જિલ્લા પ્રભારી,ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ અને શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ,આરોગ્ય મંત્રી નિમિષા બેન સુથાર,જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક ને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી અને છેલ્લા ૧૦ દિવસ કરતા વધુ સમયથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા હતા.

ત્યારે રજુઆતમાં જણાવ્યા અનુસાર ગ્રામ વિકાસ વિભાગ હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ મહેકમ ની જગ્યાઓ પર અમો ફરજ બજાવીએ છીએ અને અમોને વર્ષ ૨૦૦૭ થી અત્યાર સુધી નજીવો જ પગાર વધારો આપવામાં આવ્યો છે. ત્યારે હાલની મોંઘવારીમાં અમને મળતો પગાર ખૂબ જ નહિવત છે.સરકારની ફિક્સ પગારની નીતિ મુજબ સમાન હોદાઓ માટે મળતો ફિક્સ પગાર અને મળતી સવલતો ગ્રામ વિકાસના મહેકમના ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓને પણ સમાન કામ માટે સમાન વેતન, કાયમી કર્મચારીઓ ને મળતા લાભ આપવામાં આવે,પાંચ વર્ષ પૂરા કરેલા કર્મચારીઓને કાયમી કરવા, ત્રણ મહિના થી વધુના ચાર્જ માટે સમાન હોદામાં ૫% અને ઉચ્ચ હોદા માટે ૧૦% ચાર્જ એલાઉંનસી ની અમારી માંગણી છે. ત્યારે ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓને, આઉસોર્સિંગ કર્મચારીઓ અને પ્રતિ નિયુક્ત કર્મચારીઓ દ્વારા પોતાના લાભ અને હક્કો માટે માંગણી કરવામાં આવી હતી. ત્યારે હાલ પિતૃત્વ ની રજાઓ પણ અમને મળતી થાય,સરકારની વિવિધ નીતિઓ મુજબ ખાનગી કંપનીઓમાં પણ પી.એફ.ની જોગવાઈ હોય છે તો અમને પણ પી.એફ.યોજનાનો લાભ મળે,સરકારની એક મહત્વની જોગવાઈ ઊજીંઈ નો પણ અમને લાભ મળે તેવી માંગ કરવામાં આવી છે.

ત્યારે પગાર ની વિસંગતતા દૂર કરવામાં આવે અને અમને ફિક્સ પે મુજબ પગાર તથા અન્ય કાયમી કર્મચારીઓને મળતા લાભો મળે તેવી માંગ છે. આજની કારમી મોંઘવારીમાં સામાન્ય નજીવા માસિક પગારમાં અમે ફરજ બજાવીએ છીએ.ત્યારે આટલા ટૂંકા પગારમાં અમારૂં જીવન નિર્વાહ કેવી રીતે કરી શકીએ. ત્યારે અમારી ઉપરોક્ત માંગણીઓ અન્વયે સત્વરે ઉકેલ આવે તેવી અમારા કર્મચારીઓની માંગણી છે.

## ગોધરા શહેરની અમન ડે સ્કુલમાં માં મોન્ટેસરી દ્વારા બાળકો ને ઋતુઓ વિશેની એક્ટીવીટી કરાવવામાં આવી.



ગોધરા,

અમન ડે સ્કુલમાંમાં મોન્ટેસરી દ્વારા નાના ભુલકાઓને ઉનાળા પછી આવતી ચોમાસાની ઋતુ વિશેની એક્ટીવીટી કરાવવામાં આવી. જેમાં પંચમહાલ જીલ્લાનું મુખ્ય વાવેતર એવી મકાઈ જેના પર દરેક ખેડૂત પરિવાર આશ્રિત છે અને આ અમૃતસમી થતી મકાઈ વિષે અને તેનાથી થતા ફાયદાઓ તેમજ અહી પંચમહાલથી માંડી વિદેશમાં પણ પીઝાથી માંડી દરેક સબ્જીમાં પણ ઉપયોગ કરવામાં આવે છે તેના વિષે સમજાવવામાં આવ્યું. ચોમાસાની આહલાદક ઋતુમાં આરોગ્યપ્રદ રહે એવો શું ખોરાક લેવો? સ્વાસ્થ્યની કાળજી કઈ રીતે રાખવી? અને મકાઈ માંથી મળતા વિટામીન સી થી ચોમાસાની ઋતુમાં થતા વિવિધ રોગોથી કેવી રીતે બચી શકાય છે તેનું માર્ગદર્શન શાળાના શિક્ષકો દ્વારા આપવામાં આવ્યું.

## હાલોલના રવાલીયા અને ગોપીપુરા ગામે મગર દેખાતા લોકોમાં ભય

હાલોલ,

હાલોલના રવાલીયા અને ગોપીપુરા ગામે મગર દેખાતા લોકોમાં ભય ફેલાયો હતો. જોકે, વન વિભાગને જાણ કરવામાં આવતા રવાલીયા ખાતે પહોંચી મગરને પકડી પાડવા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું. ચોમાસા દરમિયાન સર્વત્ર વરસેલા અનરાધાર વરસાદે લગભગ તમામ નદી નાળાઓ અને ડેમો છલકાવી દીધા છે. ત્યારે હાલોલના કેટલાક ગામડાઓમાં વરસાદી પાણીમાં આવી ચડેલા મગર જોવા મળતા લોકો ભયભીત થયા છે. આજે રવાલીયા ગામે પૂલ નીચે ભરાયેલા પાણીમાં મગર દેખાતા વહીવટી તંત્રને અને વન વિભાગને જાણ કરવામાં આવતા વડોદરા વન્ય પ્રાણી વિભાગના અધિકારીઓએ રેસ્ક્યુ ટિમને મોકલી હતી. મગર પાણીમાં હોવાથી તેને પકડવા માટે કવાયત હાથ ધરાઈ હતી. મગરને જોવા લોકો મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતા. જેસીબી લાવી પાણીનો નિકાલ કરી પાણી ઓછું કરવાની કામગીરી કરાઈ હતી.

## શહેરા સિંધી ચોકડી વિસ્તારમાં બંધ મકાન માંથી રોકડ ચોરી કરનાર ઈસમને ૯૮ હજારની રોકડ સાથે ઝડપ્યો

શહેરા,

શહેરા નગરના સિંધી ચોકડી વિસ્તારમાંથી બંધ મકાનનું તાળું તોડી રોકડ રકમની ચોરી કરનાર આરોપીને રોકડ રકમ ૯૮,૦૦૦ સહીતના મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.પોલીસે પકડી પાડેલા આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહ્યા હોય ત્યારે અન્ય ચોરીના ભેદ પણ ઉકેલાય તો નવાઈ નહી.

શહેરા નગરના સિંધી ચોકડી વિસ્તારમાં આવેલ પરમાર ફળીયામાં મકાન ભાડે રાખી રહેતા દેશરાજ હીરાલાલ ભાગેલ ગત તા.૨૦મી જુલાઈના રોજ મકાનને તાળું મારી પોતાની સિંગચણાની લારી લઈને ધંધા માટે નીકળ્યો હતો. તે સમય દરમિયાન કોઈ ચોર ઈસમે તેના મકાનનું તાળું તોડી મકાનમાં રહેલ પતરાની પેટીમાં મુકેલ રોકડ રૂપિયા ૧ લાખ ૧૫ હજાર જેવી રકમની ચોરી કરી હોવાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાઈ હતી. જેમાં પોલીસે કોઈ ચોર ઈસમ વિરૂદ્ધ ઘરફોડ ચોરીનો ગુન્હો નોંધ્યો હતો. ત્યારે શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટરને બાતમી મળી હતી કે નગરમાં થયેલ ઘરફોડ ચોરીના ગુન્હાનો આરોપી પોતાના કબ્જાની એક્ટિવાની ડીકીમાં ચોરી કરેલ રોકડ રૂપિયા સાથે શહેરા સિંધી બજારમાં ખરીદી કરવા નીકળેલ છે. તે બાતમીના આધારે શહેરા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેકટર કે.એચ.બારીઆ તેમજ સર્વેલન્સની ટીમે સિંધી ચોકડી પાસે પહોંચી બજારમાં આવતા–જતા વાહનોની વોચ ગોઠવી તપાસ હાથ ધરતા ત્યાંથી પસાર થતી એક એક્ટિવા નંબર જીજે.૧૭ .બીઆર. ૦૬૩૯ ઉપર એક ઈસમ આવતો નજરે પડતા તેને કોર્ડન કરી ઝડપી પાડી તેનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ દિપક કુબેરભાઈ પરમાર ઉ.વર્ષ ૨૧ હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ એક્ટિવાની ડીકી ખોલાવી તપાસ કરતા તેમાંથી રોકડ રૂ.૯૮,૦૦૦ મળી આવ્યા હતા. જ્યારે તેની અંગ ઝડતી કરતા બે મોબાઈલ ફોન પણ મળી આવ્યા હતા. ઝડપાયેલ ઈસમની પુછપરછ કરતા રોકડ રૂપિયા તેના મકાનની બાજુમાં રહેતા દેશરાજ ભાગેલના મકાનનું તાળું તોડી મકાનમાં રહેલ પેટીમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે રોકડ રૂ.૯૮,૦૦૦ સહીત એક્ટિવા અને બે મોબાઈલ મળી રૂ.૧,૫૩,૦૦૦ ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી ગણતરીના કલાકોમાં જ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ઝડપાયેલ આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથધરી હતી.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે ઓવરસિઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઈન્ફર્મેશન સેમિનાર યોજાયો



ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે જિલ્લા રોજગાર કચેરી ગોધરા તથા જિલ્લા રોજગાર કચેરી વડોદરા દ્વારા ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઈન્ફર્મેશન સેમિનાર યોજાયો. જેમાં ખાસ કરીને ગોધરાથી પધારેલા અધિકારી રાકેશભાઈ સેવક દ્વારા અનુબંધમ પોર્ટલ વિશે વિસ્તૃત માહિતી અપાઇ હતી. જ્યારે વડોદરા થી પધારેલા મદદનીશ નિયામક નિશાંત ભાઈ જોષી દ્વારા વિદ્યાર્થીઓને પાસપોર્ટ ,વિઝા, સ્ટુડન્ટ લોન અને વર્ક પરમિટ અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. અરૂણ સિંહ સોલંકી દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરી આ સેમિનાર વિદ્યાર્થીઓ માટે કેટલો ઉપયોગી છે તેવી જાણકારી આપી હતી. કાર્યક્રમમાં કોલેજના ૧૬૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા સ્ટે ગો હોસ્પિટલ ખાતે ૨૩ જુલાઈએ મફત નિદાન કેમ્પ યોજાશે

ગોધરા,

લાયન્સ કલબ ગોધરા અને સ્ટેગો હોસ્પિટલના જાણીતા ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડોકટર મિકીર ધવલકુમાર સોનીના સહયોગથી તા.૨૩ જુલાઈ શનિવારે સવારના ૧૦ થી ૧ દરમિયાન સ્ટેગો હોસ્પિટલ વિશ્વકર્મા ચોક ગોધરા ખાતે ડાયાબિટીસ, હાડકાની ઘનતા, હાડકા તથા સાંધાનો દુખાવો, કમરની ગાદી, વા ની બીમારીનું મફત નિદાન કરવામાં આવશે. આ ઉપરાંત લોહીની તપાસ, કોલેસ્ટ્રોલ, હૃદયનો કાર્ડિયોગ્રામ ની તપાસ રાહત દરે ફિઝિશિયન ડોક્ટર અજય દેવડા દ્વારા કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા લાયન્સ કલબ ગોધરાના સભ્યોએ વિનંતી કરી છે.

## ગોધરાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ગ્રાહકના ખાતામાંથી ગેરકાયદેસર લીધેલ રૂપિયા ૧૮૦ ચેક રીટર્ન ચાર્જ ગ્રાહકને વ્યાજ અને વળતર સહીત પરત આપવા ગ્રાહક કોર્ટનો હુકમ

ગોધરા,

ગોધરાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પોતાની નેટ કનેક્ટીવીટી ફેલ થવાના કારણે બેંકમાં કલીયરીંગ માટે આવેલ ચેક રીટર્ન થયો હોવા છતાં બેન્કે ગ્રાહકના ખાતામાંથી ગેરકાયદેસર રીતે ચેક રીટર્ન ચાર્જ કાપી લેતા ગ્રાહક કોર્ટે તે રકમ ગ્રાહકને પરત આપવાનો મહત્વનો દાખલો બેશાળતો હુકમ કરેલ છે–

વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી ઓમ આશીષભાઈ પંચોલી રહેવાસી ૩૦ ગણેશ નગર ચક્રધારી સોસાયટી પાછળ,ગોધરા નાઓએ ગોધરાની ગ્રાહક તકરાર ફોરમમાં એવી ફરિયાદ કરેલી હતી કે, અરજદાર પોતે વિદ્યાર્થી છે અને અભ્યાસ માટે હિમતનગર ખાતે હોસ્ટેલમાં રહે છે. અરજદારે ગોધરાની જલારામ પ્લાજામાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકમાં બચત ખાતા નંબર ૦૪૧૮ થી ખાતું ખોલાવેલ છે. અરજદારને નાણાંની જરૂરિયાત હોવાથી અરજદારના પિતાએ તા. ૩૦.૯.૧૯ નારોજ સીન્ડીકેટ બેંક ગોધરા શાખાનો રૂપિયા ૧૫,૦૦૦ નો ચેક અરજદારને આપેલો તે ચેક અરજદારે કલીયરીંગ માટે પોતાના ગોધરાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં રજુ કરતા તે ચેક ડીશ ઓનર થયાનો તેમને તા. ૨.૧૦.૧૯ નારોજ બેન્કમાંથી મેસેજ આવેલ અને તેમના ખાતામાંથી ચેક રીટર્ન ચાર્જીસ તરીકે ગોધરા ની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ રૂપિયા ૧૮૦ કાપેલ હોવાનું પણ મેસેજ આવેલ તેથી અરજદાર એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં જઈને તપાસ કરતા તેમને જાણવા મળેલ કે તેમના પિતાનો ચેક ગોધરા ની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની નેટ કનેક્ટ વીટી ન મળવાના કારણે ચેક રીટર્ન થયેલ હતો આમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની પોતાનીજ ટેક્નીકલ ખામી ના કારણે તેમના પિતાનો ચેક રીટર્ન થયેલ હોવા છતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ તેમના ખાતામાંથી ગેરકાયદેસર રીતે ચેક રીટર્ન ચાજીર્સ તરીકે રૂપિયા ૧૮૦ કાપી લીધેલ હોવાથી તે રકમ પરત મેળવવા અરજદારે ગોધરાની ગ્રાહક તકરાર કોર્ટમાં ફરિયાદ અરજી કરી હતી. આ કેસ ચાલી જતા બને પક્ષો દ્વારા રજુ થયેલ પુરાવા અને ફરિયાદી તરફેની દલીલોને ધ્યાનમાં લઈ ને ગોધરાની ગ્રાહક ફોરમે ગોધરાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને અરજદારના બેંક ખાતા માંથી ખોટી રીતે કાપી લીધેલ રૂપિયા ૧૮૦ વાર્ષિક ૬ ટકા ના વ્યાજ સહીત અને અરજદારને થયેલ માનસિક ત્રાસ અને ખર્ચ પેટે રૂપિયા ૧૦૦૦ ચૂકવી આપવાનો દાખલો બેસાડતો ચુકાદો આપેલ છે

## ગોધરા નગર પાલિકાનાં માજી સભ્યો દ્વારા નગર પાલિકાનાં નિવૃત્ત કર્મચારીને પાલિકામાં પુનઃ કોઈપણ વિભાગમાં નોકરીએ નહિ લેવા બાબતે પાલિકાના ચીફ ઓફિસર ને લેખિત રજૂઆત કરી હતી

ગોધરા,

ગોધરા નગર પાલિકાના માજી સભ્યો ઈલિયાસ ખાલિદ ચાંદા અને અશરફ હુસેન ચાંદા એ ગોધરા નગર પાલિકાનાં ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ગોધરા નગર પાલિકામાં ફરજ બજાવી ચૂકેલા અને વય વટાવી ચૂકેલા એવા નિવૃત થયેલા કર્મચારીને પુનઃ પાલિકાના કોઈપણ વિભાગમાં નોકરી પર નાં રાખવા જોઈએ અને હાલમાં જે કોઈ કર્મચારી નોકરી કરતા હોય તો તેમને છુંટા કરવાની માંગ કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં વય મર્યાદાનાં કારણે નિવૃત્ત થાય અથવા નિવૃત્ત થયા હોય તેવા કર્મચારીઓને ફરીથી ફરજ બજાવવા માટે જનરલ બોર્ડમાં ઠરાવ કરી ફરીથી ફરજ પર નહિ લેવાની માંગ કરવામાં આવી છે. ગોધરા નગર પાલિકાની આર્થિક સ્થિતિ હાલ નબળી હોય તેમજ મહેકમ નિયમ થી વધુ હોય તો આવી કોઈ પ્રક્રિયા નહિ કરવાની પણ માંગ કરવામાં આવી છે. ત્યારે કોઈ પણ કર્મચારીને આગામી દિવસોમાં જનરલ બોર્ડની અંદર ઠરાવ કરીને નિવૃત્ત કર્મચારીને પુનઃ ફરજ પર હાજર કરવામાં આવશે તો અમે તે ઠરાવનો નિયમ અનુસાર ગુજરાત નગરપાલિકાઓ અધિનિયમની કલમ તેમજ કોર્ટ મારફતે ચેલેન્જ કરીશુંની ચીમકી ઉચ્ચારી હતી.

## ગોધરા ખાનગી હોસ્પિટલના તબીબો હડતાળમાં જોડાયા



ગોધરા,

ગુજરાત હાઈકોર્ટ દ્વારા પીઆઈએલ ના મૌખિક આદેશ દ્વારા સરકારને ગ્રાઉન્ડ ફ્લોર પર આઈસીયુ હોવા સહિતના સૂચના આપતા રાજયભરની હોસ્પિટલોને ૭ દિવસમાં તેનું પાલન કરવા નોટિસ આપી હતી. જેના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા રાજય ભરના એલોપેથીક તબીબોએ આજરોજ કામ બંધ રાખી વિરોધ કર્યો હતો. જેને લઈને પંચમહાલ જીલ્લામાં પણ ડોકટરો દ્વારા હડતાળ પાડવામાં આવી હતી. ડોક્ટરોએ પોતાની સેવાઓ બંધ રાખીને સરકારના નિયમોનો વિરોધ કર્યો હતો. પંચમહાલ જીલ્લા મેડીકલ એશોશિયેશનની આગેવાનીમાં આજે પંચમહાલ જીલ્લામાં પણ ડોકટરો હડતાલ પર ઉતર્યા હતા.હડતાળના પગલે મેડીકલ સેવા ખોરવાઈ ગોધરા શહેરમાં આવેલી ખાનગી હોસ્પિટલના તબીબો પણ જોડાયા હતા. સરકાર દ્વારા જે આદેશો આપવામાં આવ્યા છે. જેમા કાયના ફસાદ દુર કરવા માટે આદેશો આપવામાં આવ્યા છે. તેનુ પાલન કરવા માટે સુચના આપી છે. તેનો વિરોધ કરવામા આવી રહ્યો છે. ડોકટરોનું કહેવુ છે કે કેટલીક જોગવાઈ વૈજ્ઞાનિક આધાર પર તથ્ય નથી. તેનો અમલ અસર કરી શકે છે. આ જોગવાઈથી દર્દીઓમાં ચેપ લાગવાનો ભય લાગી શકે છે. સરકાર તબીબો સાથે મળીને એક સમિતી બનાવી જોઈએ. તેમ જણાવાયુ હતુ. હડતાળના પગલે મેડીકલ સેવ ખોરવાઈ હતી.

**ઈમરજન્સીમાં દર્દીઓને સરકારી હોસ્પિટલમાં સીફ્ટ કરવામાં આવશેઃ ડો મહેશભાઈ દામા ગોધરા મેડિકલ એસોસિયેશન સેક્રેટરી....**

આજ રોજ રેડક્રોસ સોસાયટીના હોલમાં ગોધરાના તમામ ખાનગી હોસ્પિટલના તબીબો પોતાની સેવાઓ બંધ રાખી સરકારના નિયમોનો વિરોધ કર્યો હતો. ત્યારે ગોધરા મેડિકલ એસોસિયેશનના સેક્રેટરી ડો મહેશભાઈ દામા એ જણાવ્યું હતું કે, આજે તમામ ઈમરજન્સી સેવાઓ બંધ રાખવામાં આવી છે અને જો કોઈ ઈમરજન્સી હશે તો તેને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવશે.